# 2.32ની રાતરાણી...

સંધ્યાએ ફરી એક વાર પડખું બદલ્યું. એક પડખે સૂતાંસૂતાં પીઠ દુ:ખવા લાગી હતી, કદાચ. બાજુમાં પડેલું અલાર્મ ઊંચકીને જોયું - બે ને બત્રીસ... ટ્રેનની સીટી સંભળાઈ. સંધ્યાના બંગલાની બિલકુલ પાછળ બસ્સો-અઢીસો મીટર દૂરથી રેલવે-ટ્રૅક પસાર થતો હતો. વ્યોમ નીકળી ગયો હશે, કદાચ... આ જ ટ્રેનમાં... અહીંથી મુંબઈ જશે ને મુંબઈથી આવતીકાલની ફ્લાઇટમાં પાછો.

સંધ્યા ફરી રૂટિનમાં લાગી જશે. નહીં તો હમણાંથી તો રોજ સાંજના ભરચક કાર્યક્રમો... ઇન્સ્ટિટ્યૂટથી ભાગતાં-ભાગતાં પાછાં આવવું, ઝડપથી સ્નાન કરવું... અત્તર લગાવવું - મોગરાનું અત્તર...

રોજ સાંજે વ્યોમ કહેતો, 'સંધ્યે, આ મોગરાનું અત્તર ના લગાડ પ્લીઝ!'

'કેમ?' સંધ્યાની એકસરખી મોતીના દાણા જેવી દંતપંક્તિ ચમકી ઊઠતી. વ્યોમ એને કંઈ કહેવા જતો - પછી અટકી જતો - અને વાત બદલી નાખતો. અહીં એક નાની રેસ્ટોરાં હતી. શું નામ હતું... શું નામ હતું?

'નુન-ટુ-નાઇટ' સંધ્યા જવાબ આપતી.

'યાહ..' વ્યોમની આંખો ચમકી જતી, 'શું થયું એનું?'

'વેચાઈ ગઈ.' સંધ્યા જવાબ આપતી.

'લગભગ બધું જ બદલાઈ ગયું છે, નહીં?' સંધ્યા અપલક જોઈ રહેતી વ્યોમના ચહેરા સામે. વ્યોમ જવાબ ન આપી શકતો એ નજરનો!

■

'સાત વર્ષ થઈ ગયાં. કોને કહેવાય સાત વર્ષ વ્યોમ દેસાઈ? ખબર છે?'

સંધ્યાની ઊંઘ સાવ ઊડી ગઈ હતી, લગ્ન થયાં હોત તો મારો દીકરો...' સંધ્યા બેઠી થઈ ગઈ... ફરી પાછો એનો એ વિચાર...

'શા માટે આવ્યો વ્યોમ? હું તો ભૂલી જવાની હતી. ફરી એક વાર બધું ખોતરી-ખોતરીને ઘા લીલા કરી ગયો.'

'શા માટે, વ્યોમ દેસાઈ?' સંધ્યા ઊભી થઈ ગઈ. પાણી પીધું.

બહાર આવી. કમ્પાઉન્ડમાં સન્નાટો હતો. તમરાંના અવાજ - ચોમાસામાં બહાર નીકળી આવતા દેડકાના અવાજ ને રાતરાણીની ગંધ. આ રાતરાણીને પહેલું ફૂલનું ઝૂમખું આવ્યું ત્યારે...

એ જ દિવસે સાંજે ભાગી હતી વ્યોમને ત્યાં...

■

'અરે... અરે... શું કરે છે?'

'વહાલ કરું છું.'

'પછી હું વહાલ કરું ત્યારે હા - ના નહીં કરવાની.'

'નહીં કરું... જા!'

'વાહ! આજે એકદમ મહેરબાન છે ને કંઈ...'

'આજે ખાસ વાત છે. રાત્રે મારા ઘરે આવવાનું છે.'

'તારા બાપુ નથી?'

'ચૂપ! બસ, આવવાનું એટલે આવવાનું.'

જો હુકમ...'

ને સાંજે નાનકડી પાર્ટી થઈ હતી લોનમાં.

શ્વેતા, અભિજિત, નીમા, સોનિયા, ચિરાગ, રાહુલ, નિસર્ગ અને વ્યોમ...

આખી રાત... લગભગ આખી રાત સૌએ ગાયું, કવિતાઓ વાંચી અને સૂરજ ઊગ્યો ત્યારે ચા પીને સૌ ગયાં. બંગલાની લોન પણ જાણે ઝૂમતી હતી રાતરાણીની સુગંધના નશામાં...

■

કેટલો સમય થયો લૉનને સરખું પાણી નથી મળ્યું. કાલે માળીને કહેવું પડશે. કશું ધ્યાન જ નથી રહ્યું, આ છેલ્લાં બે અઠવાડિયાં.

ચૌદ દિવસ... જાણે ફરી જીવી ગઈ એ જ સમયને, પણ હવે? હવે શું? વ્યોમ ગયો આજે.

'જાય તો જાય, મારે શું?' સંધ્યાએ જૂની વેલ પરથી સૂકાં પાંદડાં તોડવા માંડ્યાં. રાતની નીરવ શાંતિમાં પાંદડાં જમીન પર પડે એનોય અવાજ આવતો હતો.

■

કેટલાં કામ છે... નેક્સ્ટ સેમિસ્ટરનું સિલેબસ કરવાનું છે. કેસ સ્ટડીના પેપર્સ તૈયાર કરવાના છે, સ્ટુડન્ટ રિપોર્ટ બનાવવાના છે... ઓ ગૉડ!'

ગઈકાલે જ આઇ.આઇ.એમ.ના ડિરેક્ટર મિ. પાંડેએ મળવા બોલાવી હતી. જિન્સ અને કુર્તામાં સંધ્યાને જોઈને જરા અચકાયા. સામાન્ય રીતે સાડી, સુતરાઉ, કડક સાડી પહેરતી સંધ્યા...

પાંડે હસ્યા, 'યૂ લૂક નાઇસ, મિસ ત્રિવેદી!'

'થૅન્ક્સ!' સંધ્યા જરા શરમાઈ.

'તમે દાખલ થયાં તો મને લાગ્યું કોઈ સ્ટુડન્ટ છે.'

'યૂ આર જોકિંગ, સર.'

'ના... ના, તમે ખૂબ નાનાં, ખૂબ સુંદર દેખાવ છો.'

'ઓ! થૅન્ક્સ અગેન.'

'મિસ ત્રિવેદી, તમારું ઘણું કામ...'

'પેન્ડિંગ છે...' સંધ્યાએ વચ્ચે જ કહ્યું, 'કાલથી... આવતીકાલથી, બે-ત્રણ દિવસમાં પતી જશે, સર..'

'શ્યૉર??'

'શ્યૉર સર...' સંધ્યા બહાર નીકળી.

'આવતીકાલથી..' સંધ્યાનાં પગલાં પોતાની રૂમ તરફ જતાં હતાં. રસ્તામાં મળતાં સ્ટુડન્ટ્સ 'હાય મેમ... ગુડ મૉર્નિંગ મેમ કરતાં, જેનો જવાબ સ્મિતથી આપી એ આગળ વધી જતી.

આવતીકાલથી કામ જ શું છે બીજું?' સંધ્યાએ રૂમનું તાળું ખોલ્યું, 'ઊલટાનું કામ હશે તો સરળતા રહેશે ભૂલવામાં...'

■

પોતે ભૂલી શકી હતી ખરી? સાત-સાત વર્ષ પછી... અહીં જ, આઇ.આઇ.એમ.ના મેઇન બિલ્ડિંગમાં ક્લાસ પૂરો કરીને પોતાના રૂમ તરફ જતી હતી ત્યારે 'ગુડ મૉર્નિંગ મેમ...' એક ચિરપરિચિત અવાજે એને ઢંઢોળી મૂકી હતી.

સંધ્યાએ ઊંચું જોયું. એ જ ભુવનમોહિની સ્મિત, એ જ જાડી મૂછો, એ જ ગાલનાં ખંજન, એ જ એક દિવસની વધેલી દાઢી અને એ જ ચમકતી કથ્થાઈ આંખો...

'સંધ્યા!'

વ્યોમ! વૉટ અ પ્લેઝન્ટ સરપ્રાઇઝ! ક્યારે આવ્યો?'

'રજા પર... ત્રણ વીક... પણ તું શું કરે છે અહીં?'

'ભણાવું છું, ઍડ્વર્ટાઇઝિંગ મૅનેજમેન્ટ...'

'સંધ્યા, આઇ ડોન્ટ બિલીવ!'

'વેલ!' હસી પડી સંધ્યા... નીચું જોઈને ઝળઝળિયાં લૂછી નાખ્યાં.

'તું અહીં આ રીતે? આ જ કૉરિડૉરમાં મળી જઈશ એવી તો કલ્પના જ નહોતી.

જોઈ લે, તું જ્યાં છોડી ગયો ત્યાં જ છું હજી.' સંધ્યાને થયું ખોટું બોલાઈ ગયું.

બંને થોડી ક્ષણો, ચૂપચાપ આમતેમ જોતાં ઊભાં રહ્યાં. વચ્ચે-વચ્ચે સંધ્યાએ આંખના ખૂણેથી વ્યોમને જોયા કર્યો.

કાનની પાસે થોડી સફેદી આવી હતી. મૂછમાં પણ એક-બે સફેદ વાળ આવ્યા હતા. બાકી એ જ બ્લુ જિન્સ, ઓપન કૉલરનું ટેનિસ ટી-શર્ટ ને ખિસ્સામાં હાથ નાખીને ઊભેલો વ્યોમ.

વીતેલો સમય જાણે પાછો આવી ગયો હતો. અચાનક સંધ્યાને યાદ આવ્યું કે

બંને ક્યારનાં આમ જ ઊભાં છે.

'આવ, રૂમમાં આવ... કૉફી પીશ?'

'હા, પીશ. પણ હમણાં નહીં, સાંજે... અને કૉફી નહીં, ચા...'

'તો યાદ છે બધું.'

‘કેમ? તું ભૂલી ગઈ છે?’ વ્યોમે સંધ્યાની આંખમાં જોયું.

સંધ્યાને લાગ્યું કે ડૂબી જવાશે, ‘હં!’

આમ જ, એવી જ રીતે જોયું હતું વ્યોમે ને સંધ્યા - ડૂબી ગઈ હતી.

12મી સપ્ટેમ્બરે વ્યોમની વર્ષગાંઠ હતી. બાપુ બપોરથી બહારગામ જવાના હતા. બીજે દિવસે રાત્રે આવવાના હતા. ઘરમાં કોઈ નહોતું.

‘હું આવીશ.’ વ્યોમે કહ્યું હતું, ‘પાર્ટી કરીશું... માત્ર હું અને તું.’

‘ના’ પાડવી હતી સંધ્યાને... પણ ખબર નહીં શું થતું, જ્યારે-જ્યારે એ પેલી કથ્થાઈ આંખોની જોડી સામે જોતી ત્યારે... એ રાત્રે રાતરાણી મહેક-મહેક થતી હતી. વ્યોમ કોણ જાણે શું કહેતો હતો. સંધ્યા એક સાવ અજાણ્યા પ્રવાલલયમાં ડૂબતી જતી હતી... એક અજબ સુરૂર - એક અજબ ખુમારી - એક અજબ નશો હવાના ઇંચેઇંચમાં પરોવાઈને આખા ઘરમાં રેલાતો હતો.

સંધ્યા - શરીર વગરનો એક અનુભવ બની ગઈ જાણે! મોગરાનું અત્તર વ્યોમના શ્વાસ અટકાવી દઈને જાણે માત્ર પોતાની સુગંધનું સામ્રાજ્ય જમાવી રહ્યું હતું ને પછી... આખી રાત... પ્હો ફાટવા સુધી - સંધ્યા વ્યોમની છાતીના ઘાટા વાળમાં માથું નાખીને ઊંઘતી રહી.

સવારે સૂરજ ઊગ્યો ત્યારે વ્યોમે જગાડી... ‘ઉહા’ સંધ્યા જરા વધારે નજીક સરકી.

‘મહારાણી... સવાર પડી છે.’

‘રોજ પડે છે!’

‘પણ રોજ મારે પાછા નથી જવાનું હોતું. ઊઠો સંધ્યે!’

‘તું જઈશ?’

‘બિલકુલ. મારે તારા પિતાશ્રીના હાથે સદ્‌ગતિ પામવાની કોઈ ખેવના નથી.’

‘વ્યોમ’

‘સંધ્યા!’ આવી ભેટ મને દરેક વર્ષગાંઠ પર આપીશ ને?’

સંધ્યા શરમાઈ ગઈ. ઊઠવા ગઈ. એના બે-અઢી ફૂટથી લાંબા વાળ વ્યોમની નીચે દબાયા હતા, ‘ઓહ!’ ચીસ પડાઈ ગઈ એનાથી.

■

વાળ કેમ કપાવી નાખ્યા?’ વ્યોમે પૂછ્યું.

‘બધું અહીં જ પૂછીશ? કૉરિડૉરમાં?’ સંધ્યાએ વાત ઉડાવી.

‘ઑલરાઇટ.’ વ્યોમ જવા લાગ્યો.

‘તો સાંજે મળીએ. બાય ધ વે, સાંજે ક્યાંથી લઉં તને?’

‘ઘરેથી.’

‘એ જ ઘર?’

‘બધું એ જ.’ ફરી સંધ્યાને લાગ્યું, ભૂલ થઈ બોલવામાં!

'બાપુ?'

'નથી હવે. બે વર્ષ પહેલાં હાર્ટઍટેકમાં...'

'ઓ!' થોડી ક્ષણોની શાંતિ પછી વ્યોમે પૂછ્યું, 'એકલી રહે છે?'

સંધ્યાએ ઝટકાથી ઊંચું જોયું. એ નજરમાં કોણ જાણે શું હતું કે વ્યોમ વધારે ઊભો ન રહી શક્યો. કોઈ ઔપચારિકતા વિના ચાલવા લાગ્યો.

'ચાર - સાડા ચારે -'

ના - પાંચ વાગ્યે! મારો છેલ્લો ક્લાસ ચાર ને વીસે પતે છે' સંધ્યાએ કહ્યું અને વ્યોમ ગયો. એ જ બેફિકર ચાલ... એ જ પહોળા ખભા. એ જ પાતળી કમર અને વાળનાં ગૂંચળાંવાળા હાથ... ખિસ્સામાં નાખેલા...

■

ઘરે આવતાંની સાથે સંધ્યાને થયું, ભૂલ થઈ! છ વાગ્યાનું કહેવું જોઈતું હતું! આ જાળાં - આ ધૂળ - બધું ક્યારે સાફ થશે?

એણે અરીસામાં ચહેરો જોયો. બપોરે બે ક્લાસ છોડીને ફેશિયલ કરી લેવું જોઈતું હતું ને વાળ? વાળ તો ધોઈ લઈશ... ખેર...

એણે શ્યામ, રમા અને જગન ત્રણેય લોકોને કામે લગાડ્યાં.

અડધો કલાકમાં જે થયું તે ખરું... જે હતું એના કરતાં તો ઘર ઠીક જ લાગે છે. બરાબર પાંચે, વ્યોમ આવ્યો. બહારથી જ હૉર્ન વગાડતો રહ્યો. એ બહાર આવી.

વ્યોમે પૂછ્યું, 'તૈયાર નથી થઈ હજી?'

બસ, થોડી વાર! મને એમ કે...'

'ચાલ બહાર જઈએ ક્યાંક... સરસ ચોમાસું ઘેરાયું છે - લેટ્સ ગો આઉટ!'

'ઓ.કે. બે મિનિટ!' એ અંદર ગઈ.

'ન સરખી તૈયાર થવા દીધી, ન ઘરની સફાઈમાં કરેલી મહેનત કામે લાગી...' જીવ બાળતી તૈયાર થઈને બહાર આવી. ગાડીમાં બેઠી.

'કઈ તરફ?' કથ્થાઈ આંખો એના તરફ મંડાઈ.

'મને શી ખબર?'

જાણે-અજાણે વ્યોમ હાઈવે તરફ નીકળી ગયો. વરસાદમાં નાહી-ધોઈને ચોખ્ખા થયેલાં ઝાડ કોઈ સ્કૂલમાં પ્રાર્થના કરતાં બાળકોની જેમ એકસરખાં ડોલતાં હતાં. આકાશ કાળુંડિબાંગ હતું. સાંજે આખાયે રસ્તા પર જાંબુડી છવાયેલી હતી.

'સારી લાગે છે.' વ્યોમે કહ્યું.

'હં!' કોણ જાણે શું વિચાર ચાલતા હતા સંધ્યાના મનમાં.

સારી લાગે છે સાડીમાં, સવારે જ કહેવાનો હતો... મોટી લાગે છે.

'હિન્દીમાં?' હસી પડ્યાં બંને. છેલ્લાં કેટલાંયે વર્ષોથી હવે સંધ્યા સાડી જ પહેરતી હતી. ટૂંકા વાળ, સુતરાઉ સાડી... અરે, રીમલેસ ચશ્માંય. એના અસ્તિત્વનો એક ભાગ, એની ઓળખાણ બની ગયાં હતાં.■

એટલે જ કદાચ મિ. પાંડેને નવાઈ લાગી એને જીન્સ અને કુર્તામાં જોઈને!

આ વ્યોમે આવીને બધું અસ્તવ્યસ્ત કરી નાખ્યું.' સંધ્યા મનોમન વિચારતી હતી એના રૂમમાં, કમ્પ્યુટર સામે બેસીને, 'મળી જ ન હોત તે સાંજે તો સારું થાત.'

■

મુશળધાર વરસતા વરસાદમાં વ્યોમ ડ્રાઇવ કરતો રહ્યો.

વાઇપર દર બે-ચાર સેકન્ડે કાચ લૂછાઈ જતા, એ સિવાય કોઈ હલચલ - કોઈ અવાજ નહોતો. લગભગ દસ-બાર મિનિટ પછી, વ્યોમ અચાનક ફર્યો, સંધ્યા તરફ!

'મોગરાનું અત્તર લગાડ્યું છે તેં?'

સંધ્યાને જવાબ આપવાનું જરૂરી ન લાગ્યું, કદાચ! ફરી પાછી કેટલીયે મિનિટોની ચુપકીદી. કેટલું પૂછવું હતું - કેટલું કહેવું હતું, સંધ્યાને! ડૂમો ભરાઈ ગયો હતો, ડૂચા વળતા હતા છાતીમાં.

વીજળી ચમકતી હતી, વાદળોનો ભયાનક ગડગડાટ થતો હતો. રસ્તા પર બાજુમાંથી પસાર થતી ગાડીના ટાયર એમની ગાડી પર છાલક ઉડાડતાં પસાર થઈ જતાં હતાં ને સંધ્યા - કશું જ બોલ્યા વિના, જાણે વ્યોમને અપલક જોતી મુગ્ધ થતી બીજી સંધ્યાને જગાડવા મથતી હતી. પણ સંધ્યા... ડૂબતી જતી હતી!

■

ચૌદ દિવસ... બે વીક પૂરાં થઈ ગયાં. દરમિયાનમાં વ્યોમે કંઈ કેટલુંયે પૂછી નાખ્યું.

જૂની વેલના આટલા જાડા થડથી દીવાલને તકલીફ નહીં થાય?'થી શરૂ કરીને 'લગ્ન કરવાની ઇચ્છા જ નથી' ત્યાં સુધી...

પણ સંધ્યા... રોજ નક્કી કરતી ને પછી... ડૂબી જતી - ફરી એક વાર!

દરમિયાન, વ્યોમ એક વાર પણ ઘરની અંદર ન આવ્યો. સંધ્યાએ હજાર વાર કહ્યું હશે - તોપણ... એની આંખમાં એક ગિલ્ટ સહેજ ડોકાઈને પાછું વળી જતું. બંનેમાંથી કોઈએ એ રાતની વાત પણ ન કાઢી.

■

આવતીકાલે - આજે રાત્રે જ વ્યોમ જવાનો હતો... મુંબઈ ને, ત્યાંથી પાછો લંડન... આજની સાંજ વ્યોમની સાથે છેલ્લી સાંજ હતી. ચૌદ દિવસ પૂરા થઈ ગયા. સંધ્યા ન કશું કહી શકી, ન પૂછી શકી, વ્યોમને!

'આજે તો મારે વાત કરવી જ છે, નક્કી...' સંધ્યાએ ગાંઠ વાળી હતી. આજે જ સિવાઈને આવેલો આછા પીળા રંગનાં સલવાર-કુર્તા પહેરીને એ ઘરની બહાર નીકળી ત્યારે ગાડીમાં બેઠેલા વ્યોમની આંખો બદલાઈ હતી, કદાચ!

બંને બહાર નીકળ્યાં. આઇ.આઇ.એમ.ની બહાર - કીટલી પાસે વ્યોમે ગાડી ઊભી રાખી.

'દો ચાય...' સંધ્યાએ વ્યોમની સામે જોયું. ચૌદ દિવસથી રોજ ચા પીતો હતો એ! સાત વર્ષ પહેલાંનો વ્યોમ અને આજનો વ્યોમ - સાવ જુદા માણસો હતા બંને. આ નવા વ્યોમમાં ક્યાંક નાનકડો અપરાધભાવ હતો.

આજનો આ વ્યોમ નાનીનાની વાતમાં એની સંભાળ લેતો, ગમા-અણગમા પૂછતો, એની અનુકૂળતા સાચવતો, સવાલ-જવાબ ટાળતો, વ્યોમ જાણે સાત વર્ષમાં નવો જ બનીને આવ્યો હતો. ગુનેગાર હોવાની એક લાગણી એ સતત ખિસ્સામાં લઈને ફરતો હતો, જાણે.

'પણ કેમ આવ્યો હતો?' સંધ્યાની ચામાં ટપટપ બે ટીપાં પડ્યાં.

વ્યોમે જોયું. પછી, બહાર જોતો રહ્યો થોડી વાર...

'ધૂળ બહુ ઊડે છે, નહીં?' એણે આંખો લૂછી.

■

મોડી રાત સુધી બંને ફરતાં રહ્યાં, સાથે જમ્યાં. કૉફી પીધી, સંધ્યાએ પણ! પછી યુનિવર્સિટી રોડ પર ગાડી પાર્ક કરીને બંને ચાલવા લાગ્યાં - ચૂપચાપ. 'કેટલા વાગ્યાની ટ્રેન છે?' સંધ્યાએ પૂછ્યું.

બે, ગાંધીધામ...'

'કેમ?'

છેલ્લી એ જ છે - પછી સીધી ગુજરાત એક્સપ્રેસ મળે. મોડું થાય...'

'કર્ણાવતી?'

'Heil, sia....

'પણ, રાતની ટ્રેન...'

'મારે તારી સાથે વધુમાં વધુ સમય ગાળવો હતો.

સંધ્યાએ ઝટકાથી ઊંચું જોયું - લગભગ વેંત જેટલો ઊંચો વ્યોમ નીચે જોઈને ચાલતો હતો, 'સંભાળ...' વ્યોમે કહ્યું.

ને, સંધ્યા ઠોકર ખાઈને વ્યોમના ખભા પર પડી. ભીની માટીની, ભીનાં વૃક્ષની ગંધ મોગરાના અત્તરની ગંધમાં ભળીને વ્યોમના મગજ સુધી જતી રહી. સંધ્યા સ્વસ્થ થઈ, છૂટી પડી ચાલતી રહી, ચૂપચાપ.

અંદરથી કોઈ ઘડીઘડી ધક્કો મારતું હતું, 'પૂછી લે, કહી દે... બાકી રહી જઈશ.'

યુનિવર્સિટીનો મેઇન રસ્તો દેખાવા લાગ્યો, ટાવર તરફ જવાનો ગેટ વટાવી બંને ચાલતાં રહ્યાં. ધોવાયેલા રસ્તાને એના પર પડતી સ્ટ્રીટલાઇટના પ્રકાશની ચકરડીઓ.

■

તમરાંના અવાજ, પસાર થતી એકલદોકલ ગાડીઓની સરસરાહટ. છેવટે વ્યોમે, ચુપકીદી તોડી, 'સંધ્યા...'

'હં!'

'મેં... આઇ મીન... હું... એટલે કે... આઇ ઍમ મૅરીડ... મેં લગ્ન કરી લીધાં છે.'

હા, યુ.કે. હાઈકમિશનના સેક્રેટરીની દીકરી જોડે - જેનિસ.'

હવે ઝટકાથી જોવાનો વારો વ્યોમનો હતો. સંધ્યા નીચું જોઈને ચાલતી હતી.

'તું???!!!'

જાણું છું. તારાં મમ્મી પાસે ગઈ હતી હું... મારી પ્રેગ્નન્સીના ખબર આપવા.'

'ઓ... હા... સંધ્યા...'

'તો આ હતો ગુનો વ્યોમનો...!'

'મને એમણે કહ્યું.'

'પછી?'

પછી શું? પછી મેં અબૉર્શન કરાવી લીધું.' સંધ્યા હજીયે નીચું જોઈને ચાલતી હતી. વ્યોમ એની સામે ડઘાયેલો, ઠગાયેલો જોઈ રહ્યો હતો.

વ્યોમની ટ્રેન ગઈ!

લંડન પહોંચીને જેનિસને 'વૉર્મ હગ' આપશે, કદાચ.

વેલકમ હોમ!' જેનિસ કહેશે.

પણ ઘર પહોંચેલો વ્યોમ જુદો હશે. પડખામાં ઘસઘસાટ ઊંઘતી જેનિસને કદાચ ખબર પણ નહીં પડે, વ્યોમમાં થયેલા આ સાવ સૂક્ષ્મ ફેરફારની! હવે સો મણની તળાઈમાં પણ... એ ઊંઘી નહીં શકે નિરાંતે! નહીં જન્મેલા બાળકની જન્મકુંડળીનો પિતૃદોષ એને રહીરહીને ડંખશે! 'વેર!' સંધ્યાના ચહેરા પર કડવું સ્મિત આવી ગયું.

'કાલે કદાચ અનીશ પણ પાછા ફરશે ટૂર પરથી... હું એને 'વૉર્મ હગ' આપીશ ને કહીશ, 'વેલકમ હોમ... હની!'

બે ને બત્રીસે પસાર થઈ ગયેલી ટ્રેનની ક્રૂર વાગતી સીટી હજી સંભળાતી હતી.

■

# અજાણી સડકો, અજાણી વાત

સત્યેનની ફ્લાઇટ થોડી મોડી હતી. રાત્રે સાડા બારને બદલે અઢી વાગ્યે આવી ઇન્ટરનૅશનલ ઍરપૉર્ટ પર. ધીમેધીમે નીચે ઊતરતા બીજા મુસાફરોની આંખમાં ઊંઘ હતી. સત્યેનને લાગ્યું કે એ મુસાફરોની કતાર ખૂબ ધીમેધીમે બહાર નીકળતી હતી. એ પછી લગેજ આવતાં વાર લાગી. ઍરપૉર્ટ પર ઊતરીને કસ્ટમમાંથી બહાર આવતાં સાડા પાંચ વાગ્યા.

કસ્ટમ ઑફિસરે સત્યેનને ગ્રીન ચૅનલમાંથી બહાર નીકળતો રોક્યો, અને બૅગ તપાસવા માગી તો સત્યેનનું મગજ જતું રહ્યું. બે જ મિનિટમાં એને સમજાયું કે પેલો ઑફિસર એની ફરજ બજાવતો હતો! બ્રાન્ડેડ ડિઝાઇનર બ્લેઝર - મોંઘાં સનગ્લાસિસ, સુંદર લેધરનો ડિઝાઇનર લગેજ. સ્વાભાવિક જ હતું કે કસ્ટમ ઑફિસર રોકે!

બૅગ ખોલી. કસ્ટમ ઑફિસરને નવાઈ લાગી. સત્યેનની બૅગમાં થોડાં પેઇન્ટિંગ્સ બ્રશ, જાતજાતનાં રંગો, કાગળો, પુસ્તકો અને બે-ચાર જિન્સ હતાં. ચાર-છ ટી-શર્ટ, પર્ફ્યુમ્સ. થોડાં બ્લૅક ઍન્ડ વાઇટ ફોટાઓનાં આલબમ્સ.

ઑફિસરને તગડો બકરો ફસાયાની આખી લાગણી વ્યર્થ લાગી. સત્યેન સાથેની માથાકૂટ દરમિયાન બાકીના બે-ચાર શ્રીમંત દેખાતા ગુજરાતીઓ પણ બહાર નીકળી ગયા હતા.

સત્યેન પટેલનો અમેરિકન પાસપૉર્ટ જોઈને લલચાયેલો ઑફિસર પસ્તાયો. કસ્ટમ ઑફિસરનું નામ એની છાતી પર નાનકડી તકતીમાં લખેલું હતું, 'કૅન આઇ ગો, મિસ્ટર કૃષ્ણન્? હું જાઉં?' સત્યને પૂછ્યું. મગજ પર ભયાનક કાબૂ રાખીને.

'હા... હા, યસ અફકોર્સ! સૉરી - સર, તમને તકલીફ પડી!' ઑફિસરે વિવેક કર્યો.

'નો પ્રૉબ્લેમ!' સત્યેન ખભા ઉલાળીને નીકળવા લાગ્યો. કસ્ટમ ઑફિસર હજીયે નવાઈમાંથી, આઘાતમાંથી બહાર નહોતો આવ્યો. ઝટકા સાથે બૅગની ઝિપ બંધ કરીને અધીરો થઈ ગયેલો સત્યેન કતરાતો-કતરાતો ઍરપૉર્ટની બહાર નીકળ્યો.

બહાર આકાશ લાલઘૂમ થઈ ગયું હતું. ઠંડી હવાનો એક ઝોકો આવીને સત્યેનના ચહેરા સાથે ભટકાયો, વાળ ફરફર્યા, ઊંડો શ્વાસ લીધો એણે!

મુંબઈ! એનું મુંબઈ... એની જન્મભૂમિ, એની બાલ્યભૂમિ... એની યુવાનીનું આકાશ - અને... મેધા! એની, મેધાનું ઘર હતું જ્યાં, એ મુંબઈ. ફરી એક વાર આકાશ સામે જોયું એણે - નજર ભરીને. આવી જ આંખ થઈ ગઈ'તી મેધાની... રડીરડીને - લાલઘૂમ આંખો ને ભૂરીભૂરી કીકી.

'હું... હું પ્રેગ્નન્ટ છું, સત્ય.'

અને, સત્યના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. ખરેખર તો આજે સત્ય એક સમાચાર

આપવા આવ્યો હતો મેધાને. એને બદલે મેધાએ એને આ સમાચાર સંભળાવીને સાવ હતપ્રભ કરી નાખ્યો હતો.

ઑગસ્ટ મહિનાનો દરિયો જોરજોરથી બૅન્ડ સ્ટૅન્ડના ખડકો જોડે અફળાતો હતો. સત્યેનના કાન બહેરા થઈ ગઈ હતા, જાણે સત્યેનના ખિસ્સામાં નાખેલા હાથ એના ઍડ્મિશનનો પત્ર ચોળવા લાગ્યા.

સત્યેન અન્યમનસ્ક જેવો... જાણે મેધા શું કહે છે તે સાંભળી જ નહોતો શકતો ને મેધા, ડૂસકાં ભરતી, રડતી એકધારું બોલ્યે જતી હતી, 'હું, હું પ્રેગ્નન્ટ છું, સત્ય.' મેધાની આંખોમાંથી આંસુની ધાર ચાલતી હતી, પપ્પાને ખબર પડી ગઈ છે. એ ખૂબ દુઃખી છે... તારી સાથે વાત કરવા માગે છે. આજે, હમણાં જ!'

સત્યેન બઘવાયેલો - ડઘાયેલો સાંભળતો રહ્યો. એનો અમેરિકન વિઝાનો - બોસ્ટનમાં મળી ગયેલા ઍડ્મિશનનો આનંદ ચૂરચૂર થઈને વીખરાતો દેખાતો હતો એને.

બૅન્ડ સ્ટૅન્ડના ખડકો જોડે અફળાઈને વીખરાતાં મોજાંમાં એને પોતાના - સપનાં, પોતાની કેરિયર, પોતાની મંજિલ પણ ફીણફીણ થઈને વીખરાતી લાગી. બધું ડામાડોળ થઈ ગયું. એણે આગળ વધીને મેધાને પોતાના એક હાથે લપેટી લીધી. જાણે એને પોતાને આધાર જોઈતો હોય એમ!

બે કલાક - લગભગ એકસો વીસ મિનિટ, કોઈ કશું જ બોલ્યું નહીં. ચોમાસાની જાંબુડી સાંજ ઘેરાવા લાગી. વાદળો ચડી આવ્યાં હતાં. ગમે ત્યારે ધોધમાર વરસાદ તૂટી પડવાનો હતો. છતાં, બંને જણ ચૂપચાપ બેસી રહ્યાં હતાં. પોતાના ઘૂંટણની આસપાસ હાથ લપેટીને બેઠેલી મેધા ચૂપચાપ દરિયા સામે તાક્યા કરતી હતી.

સત્યેન આસપાસ વિખરાયેલા નાનાનાના પથ્થર તાકીતાકીને દરિયામાં ફેંકતો હતો. બંને એક શબ્દ બોલવા તૈયાર નહોતાં. સત્યેન હજી અસમંજસમાં હતો. મેધાને શું વાત કરવી? કેવી રીતે વાત કરવી? અચાનક, વરસાદ તૂટી પડ્યો. લપસણા ખડકો પર દોડતી વખતે સત્યેને અચાનક મેધાનો હાથ પકડી લીધો.

'સંભાળીને!' સત્યેને કહ્યું.

મેધાએ પાછળ ફરીને જોયું, આભારથી ભરીભરી આંખે! આવનાર બાળકની કાળજી હતી આ?

■

સત્યેન આમ પણ ખૂબ પ્રેમાળ હતો. સાચો - ઈમાનદાર. મેધાને ખૂબ ચાહતો. વિધુર પિતાની દીકરી મેધા ખૂબ સામાન્ય કુટુંબમાં ઊછરેલી છોકરી હતી. અસામાન્ય રૂપ ધરાવતી છોકરી. આકાશી બ્લુ આંખો, ગોરો રંગ, નિતંબની નીચે પહોંચતા વાળ - પાંચ-સાત જેવી ઊંચાઈ ને આકર્ષક વળાંકો ધરાવતું શરીર. આખીયે કૉલેજના છોકરાઓ મેધાની એક નજર માટે મરતા, આમાં જરાયે અતિશયોક્તિ નહીં. મેધા મૉર્નિંગ કૉલેજમાં ભણીને, બપોરે પાર્ટટાઇમ નોકરી કરતી.

એના પિતા જવાહર દેસાઈ બીમાર રહેતા. બૅન્કમાંથી વહેલું રિટાયરમેન્ટ લઈને ઘેર જ હતા હવે. બાપ-દીકરીના બૉન્ડ્સ અજબ હતા! એકબીજાની કંપની - એકબીજાનાં સગાંવહાલાં, બાપ-દીકરી કે મા-દીકરો બનતાં, બંને વારાફરતી... સમય આવ્યે મેધા 'મા'નો રોલ કરતી. જવાહર દેસાઈને ખખડાવતી - લાડ લડાવતી અને સંભાળ લેતી.

ફિલ્મ જોવા કે બહાર જમવા બંને સાથે જતાં... મેધાને બીજા કોઈ ખાસ મિત્રો નહોતા. એક દિવસ મેધા ક્લાસમાં બેઠી હતી અને પટાવાળો બોલાવવા આવ્યો. એના પિતા જવાહર દેસાઈને ફરી એન્જાઇનલ પેઇન ઊપડ્યું હતું, પડોશીનો ફોન હતો. મેધા ઊભી થઈ, બહાર નીકળી - કોણ જાણે કયા બળે, કોણ જાણે કયા ખેંચાણે સત્યેન પણ ઊભો થયો. એની સાથે નીકળી ગયો. મેધાએ નવાઈભરી આંખે જોયું.

સત્યેને બહાર જઈ ગાડીનો દરવાજો ખોલ્યો - ક્ષણેક ખચકાઈ, પછી મેધા બેસી ગઈ. બંને સડસડાટ ઘરે પહોંચ્યાં. એક પણ શબ્દ બોલ્યા વિના. ઘરે ઊતરતી વખતે મેધાને એવો વિચાર પણ ન આવ્યો કે સત્યેનને એનું ઘર કેવી રીતે ખબર હતું? પડોશીએ ડૉક્ટરને બોલાવ્યા હતા. આ માત્ર દુખાવો નહોતો, હાર્ટઍટેક હતો.

હૉસ્પિટલમાં દાખલ કરવાથી શરૂ કરીને - વાઓ, ટ્રીટમેન્ટ થતાં રહ્યાં. જ્યાં જ્યારે જરૂર પડી, મેધા પાસે હતા એટલા પૈસા એણે આપ્યા, બાકી પૈસાના અભાવે ટ્રીટમેન્ટ ક્યાંયે અટકી નહીં!

સત્તર દિવસ પછી જવાહર દેસાઈને ઘેર લાવ્યા, ત્યારે બલ્કે એ જ સાંજે, મેધા આભાર માનવાની શરૂઆત કરે એ પહેલાં સત્યેને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો.

■

સત્યેનના પિતા અજયભાઈ પટેલ મોટા ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ હતા. સ્ટીલના ધંધામાં એમનું ખૂબ મોટું નામ હતું. શૅરબજારમાં પણ એમનું નામ આદર સાથે લેવાતું. એ ઉપરાંત રેડીમેડ ગાર્મેન્ટનો મોટો શો-રૂમ હતો બાંદ્રામાં, જે સત્યેનનાં બહેન-બનેવી સંભાળતાં.

સત્યેન એક જ દીકરો હતો અને મોટી બહેનના પતિ અજયભાઈની ઇચ્છાથી એમની સાથે જ રહેતા હતા.

સત્યેને ઘેર મેધા વિશે વાત કરી નહોતી. ‘સમય આવ્યે કરીશ.’ સત્યેન હંમેશાં મેધાને કહેતો, કારણ કે જાણતો હતો પિતાને! પિતાના અહમ્‌ને, એમની જોહુકમીને!

ને આજે પણ, પિતાને જાણતો સત્યેન અસમંજસમાં હતો. ખરેખર તો એણે આખી ધમાચકડી એટલા માટે જ કરી હતી કે એ અમેરિકા જાય, પોતાના પગ પર ઊભો રહે - કમાય - આવે ને મેધાને પરણીને લઈ જાય.

પણ, આ પ્રેગ્નન્સી! ઉફ!

‘મેધા, કેમ? કેમ?

સત્યેન અકળાઈ ગયો. બંને જણ દોડીને સામે એક રેસ્ટોરાંમાં ગયાં, બેઠાં. મેધાના સોનેરી - કોરા વાળમાં વરસાદનાં ટીપાં મોતીની જેમ ચમકતાં હતાં - રેસ્ટોરાંની પીળી લાઇટોમાં મેધાનો રંગ સોના જેવો લાગતો હતો, સત્યેન જોઈ રહ્યો! અપલક!

મેધાએ ચુપકીદી તોડી, ‘સત્યેન, પપ્પાને મળવા... એમની ઇચ્છા છે લગ્ન આ મહિનામાં જ થઈ જાય.’

સત્યેન બેધ્યાન હતો - ‘હેં! હા...’ પણ એ જાણતો હતો કે કોઈ કાળે એ શક્ય નહોતું. અજય પટેલ એમની ઇચ્છા - મરજી વિરુદ્ધ પાંદડું પણ હાલવા દે તેમ નહોતા.

અજયની 'સ્ટેટસ કૉન્શિયસ' મમ્મી આવી મિડલ ક્લાસની પુત્રવધૂ સ્વીકારીને હાંસીપાત્ર બનવા ક્યારેય તૈયાર નહીં થાય.

હવે? હજી તો ગ્રેજ્યુએશન માંડ પૂરું કર્યું છે, શું કરીશ? ખાઈશ શું ને ખવડાવીશ શું?

■

ટૅક્સી ઝડપથી આગળ જતી હતી. મુંબઈની સાપની જેમ ગૂંચળાં વાળીને ફેંકાયેલી સડકો હવે સિમેન્ટ-કૉન્ક્રીટની હતી. સડસડાટ આગળ વધતી ટૅક્સીની સાથે સત્યેનના વિચારો પણ સડસડાટ દોડ્યા હતા.

'મને પાંચ દિવસનો સમય આપ!' સત્યેને કહ્યું હતું અને ચોથા દિવસની ઇન્ટરનૅશનલ ફ્લાઇટમાં બેઠોબેઠો ઈશ્વરની માફી માગતો હતો એ... મેધાની માફી માગવાની કે જવાહર દેસાઈને મોઢું દેખાડવાની હિંમત નહોતી એની!

■

આજે પાંચ વર્ષે મુંબઈમાં પગ મૂકતાં જે લાગણી થઈ એમાં ભારોભાર અપરાધની ભાવના પણ હતી જ, વળી!

'સૌથી પહેલા મેધાને મળવું છે. ગુસ્સામાં તો હશે જ. માફી માગીશ, પગમાં પડીશ. જેમ કહેશે તેમ કરીશ, પણ પરણીને લઈ જઈશ એને! પોતાના એક પણ પત્રનો જવાબ નહોતો આપ્યો એણે - જોકે હક છે એને!

મેં લખ્યું હતું કે મારી રાહ જોજે, હું આવીશ જરૂર. આટલાં વર્ષે એને લેવા આવ્યો છું એટલું પૂરતું નથી? મારા પ્રેમનો પુરાવો નથી આ? સત્યેન જાત સાથે જ દલીલો કરતો રહ્યો!

■

હોટેલમાં ચેક-ઇન કરતી વખતે વિચિત્ર લાગણી થઈ એને. એનું ઘર હતું આ ગામમાં - માત્ર, બારેક કિલોમીટર દૂર! ને પોતે? પણ હવે એ મોટો થઈ ગયો હતો. કમાતોધમાતો, સફળ 'પુરુષ'! ગઈ કાલનો 'છોકરો' નહોતો!

'કોઈ ભૂલ નથી કરવી. મેધાને પરણીને લઈ જઈશ સીધો. સ્વીકારે તો ઠીક, નહીં તો પાછા... બૅક હોમ! નક્કી જ હતું એના મનમાં. એણે ભારત આવવાની ખબર પણ નહોતી આપી ઘરે.

નાહી, ફ્રેશ થઈને પહોંચ્યો સીધો...

એ ગલી, એ બિલ્ડિંગ, એ ઘરની બાલ્કની - બધું જાણે હાથ ફેલાવીને એને બોલાવતું હતું. હાથમાં પેઇન્ટિંગ બ્રશ - રંગો - કાગળો - શ્રેષ્ઠ ચિત્રકારોનાં પુસ્તકો - મેધાને પેઇન્ટિંગનો ખૂબ શોખ હતો. કહો કે એકમાત્ર શોખ જ પેઇન્ટિંગ હતો. બેલ મારતાં જ હૃદય જાણે ગળામાં આવીને ધબકવા લાગ્યું.

સદીઓની પ્રતીક્ષા પછી બારણું ઊઘડ્યું! બારણે કોઈ અજાણ્યો ચહેરો હતો. 'જવાહર દેસાઈ?'

'એ તો ગુજરી ગયા...' દુનિયા ગોળગોળ ફરતી હતી સત્યેનની.. 'પછી આ ઘર અમે ખરીદ્યું...'

■

'એમની દીકરી...?'

'કોને ખબર...'

સત્યેન ઢગલો થઈને ત્યાં જ બેસી પડ્યો. કોઈ સગાં - કોઈ મિત્રો પાસે મેધા વિશે કોઈ માહિતી નહોતી.

બાકીના બે દિવસ એણે આખા મુંબઈને પગ તળે કાઢ્યું. કૉલેજના મિત્રોથી શરૂ કરી મેધા વિશે માહિતી મળે એવી કોઈ જગ્યા એણે બાકી નહોતી રાખી, પણ સરવાળે શૂન્ય!

માત્ર એક વાત... એના બિલ્ડિંગમાં જ ઉપર રહેતાં ઘરડાં માસીની પુત્રવધૂએ કહી, માસી તો હવે નહોતાં.

'મેધા પ્રેગ્નન્ટ હતી સત્યેનભાઈ! જવાહરભાઈ કદાચ એ આઘાતમાં જ ગુજરી ગયા.'

સત્યેનથી ઊંચું જોવાતું નહોતું.

ઘર વેચીને ગયા પછી એક વાર મને મળી હતી. લાસ્ટ ડેઝ હતા કદાચ... છેલ્લા દિવસો, પ્રેગ્નન્સીના... મેં ઘણું પૂછ્યું પણ કોઈ વાત ના કરી મારી સાથે. સત્યેનને લાગ્યું કે એની છાતી ધડકતી બંધ થઈ જશે. અહીં, આ જગ્યાએ જ મોત આવે એવી પ્રાર્થના થઈ ગઈ મનોમન એનાથી.

■

હવે આ દેશમાં, આ શહેરમાં કશું જ નહોતું બચ્યું.

'પાછા જવું કે ઘેર? ઘરે જવાનો શું અર્થ? પહેલી ફ્લાઇટ લઈને અમેરિકા જવું.' સત્યેન નિર્ણય કરી શકવાની મનોદશામાં જ નહોતો.

■

ચોથે દિવસે પોતાના પાંચ બેડરૂમના હાઉસના બારણામાંથી ચાવી નાખીને ઘર ખોલતાં સત્યેનને હારી ગયાની, બધું જ ખોઈ બેઠાની લાગણી સિવાય કંઈ જ થતું નહોતું. સુન્ન થઈ ગયું હતું બધું!

રજાઓ તો હતી જ. ત્રણ અઠવાડિયાં પહાડની જેમ તૂટવાનાં હતાં એની ઉપર... શું કરવું? એનો રૂમમેટ - વિનય, કોલોરાડો રહેતો હતો. હજારો માઈલ દૂર. એણે વારંવાર કહ્યું હતું સત્યેનને, સેટ, આવ યાર! બે દિવસ, વીક એન્ડ માટે આવ...' પણ કમાવાની ધૂનકીમાં સત્યેન પાસે કશાય માટે સમય નહોતો. વિનય બધું જાણતો. સત્યેનનું ગિલ્ટ, સત્યેનની તડપ - સત્યેનની કમાવાની ધૂન - પાછા જવાની ઉતાવળ.

સત્યેનના હાથ અનાયાસે ફોન તરફ વળ્યા.

'હલો... વિનય રાવલ!'

સાંભળતાં જ સત્યેન નાના બાળકની જેમ ભાંગી પડ્યો. ધ્રુસકે-ધ્રુસકે. છેવટે - ઘણી સમજાવટને અંતે એણે વિનય પાસે જવાનું કબૂલ્યું ને, પહોંચ્યો ત્યારે વિનયને 'હાશ' થઈ.

ચાર-પાંચ દિવસ તો ઍપાર્ટમેન્ટની બહાર નીકળવા તૈયાર નહોતો. વિનયે ઘણો સમજાવ્યો. ઘણી ચર્ચા કરી. કેટલીયે માથાકૂટ કરી પણ સત્યેન... ડિપ્રેશનમાં જ હતો.

છેવટે, એક સાંજે...

વિનય બહાર હતો ત્યારે પલંગમાં પડ્યાં-પડ્યાં... વિચારતાં-વિચારતાં સત્યેનને દીવાલો નજીક ખસતી લાગી... ગભરામણ - ગૂંગળામણ થવા લાગી... એક ડર - એન્ક્ઝાઇટી - ગિલ્ટ...

છેવટે સત્યેને બહાર જવાનું નક્કી કર્યું. ઝટકા સાથે ઊભો થયો. ટી-શર્ટ બદલ્યું, વોલેટ લીધું. ગાડીની ચાવી ઉઠાવીને બહાર નીકળ્યો. અજાણ્યું શહેર - અજાણી સડકો - અજાણી સાંજ... કોઈને ખબર નહોતી - પોતે કેવું પાપ કર્યું હતું તે - 'હાશ'.

એક પાર્ક જોયો - જેમાં થોડાં બાળકો રમતાં હતાં. અમુક મા સ્ટ્રોલરમાં બચ્ચાંઓને બેસાડીને કંઈ વાંચતી હતી - અમુક સ્ત્રીઓ ઝડપભેર ચાલતી હતી.

એક-બે વૃદ્ધ બેઠા હતા. થોડી વાર ઊભા રહીને જોતો રહ્યો, પછી સત્યેને ગાડી પાર્ક કરી. ઊતર્યો. પાર્કમાં દાખલ થયો.

ચારે તરફ સરસરી નજર દોડાવી! સલવાર-કમીઝ પહેરેલી એક છોકરી ઊંધી બેસીને સ્કેચ કરતી હતી - લાંબા વાળ - સોનેરી, કુતૂહલવશ જ... એ ખેંચાયો...

સત્યેન પાસે ગયો..

છોકરીએ પગના અવાજથી - ઓટમનાં સૂકાં પાંદડાં કચડવાથી થયેલા અવાજથી પાછળ જોયું... ભૂરી આંખો, ગોરો રંગ...

'માય ગૉડ... માય ગૉડ...'

સત્યેનને સમજાયું નહીં કે સપનું હતું આ કે સત્ય!

'મેધા!'

'સત્યા'

એક સ્વસ્થ - પ્રેમાળ સ્મિત હતું મેધાના ચહેરા પર. બંને ક્ષણો સુધી એકબીજાને જોતાં - ચૂપચાપ ઊભાં રહ્યાં. પછી, ભૂરી આંખો સજળ થઈ. સહેજ ભીની - માત્ર!

સત્યેને હાથ ફેલાવ્યા, આવ - મેધા. રડી લે, ફરિયાદ કર, ગુસ્સો કર - ધિક્કાર મને...'

મેધા એમ જ ઊભી રહી.

'અહીં...' સત્યેને શરૂ કર્યું, 'શું કરે છે?'

'આર્ટ હિસ્ટ્રી ભણાવું છું યુનિવર્સિટીમાં...'

'હું મુંબઈ ગયો હતો ચાર દિવસ પહેલાં જ.'

'હું ચાર વર્ષથી નથી ગઈ... જઈ શકું એમ જ ક્યાં છું?'

'હું જાણું છું - હું... તને શોધવા જ ગયો હતો.' સત્યેને અચકાતાં-અચકાતાં કહ્યું.

'ઉપરવાળાં ભાભીએ કહ્યું મને - તું પ્રેગ્નન્ટ...'

એ તો મેં પણ કહ્યું જ હતું તને, સત્યેન!'

'આઇ મીન...'

'બાળક વિશે?' મેધાના અવાજમાં ગજબની સ્વસ્થતા હતી.

દીકરો કે દીકરી?

'દીકરી.'

સત્યેન આગળ સવાલ પૂછે એ પહેલાં ભૂરી આંખોવાળી - સોનેરી વાળવાળી એક ચારેક વર્ષની અત્યંત મીઠડી છોરી દોડતી આવી, મમ્મા...મમ્મા... જોન ઇઝ ચીટિંગ'...ને મેધાને વળગી પડી.

'હૂ ઇઝ હી?' લપાઈને પૂછ્યું એણે.

'અ ફ્રેન્ડ!'

'ઇન્ડિયન?'

'યસ!' મેધાએ જવાબ આપ્યો.

સત્યેને નજીક બોલાવવા પ્રયાસ કર્યો.

'કમ હીયર - બેબી!'

'ગુજરાતી સમજે છે એ.' મેધાએ એને પોતાનાથી સહેજ અલગ કરી, અંકલને હાય કરો...' ધકેલી સત્યેન તરફ.

છોકરીએ 'હાય' કર્યું.

'નામ શું છે બેટા, તારું?'

'સત્યા...'

'કોણે પાડ્યું?'

'માય મોમા'

તને ખબર છે એનો અર્થ?' સત્યેનથી સીધો સવાલ પુછાય એમ નહોતું.

'યાહ! મારા ડેડના નામ પરથી પાડ્યું છે.'

'ઇટ મીન્સ ટૂથ - ટૂથ લવર...' સત્યેનના બધા રોમ ઊભા થઈ ગયા.

'તારા ડેડનું નામ?'

'સત્યેન - સત્યેન પટેલ.' સત્યેનથી જોવાઈ ગયું મેધા સામે. મેધાના ચહેરા પર સુંદર - પ્રેમાળ - શાંત સ્મિત હતું... સત્યેન આગળ કંઈ વાત કરવા જતો હતો કે તરત...

'હું આને જરા સેટલ કરીને આવું.' મેધા એને લઈને ગઈ, સત્યેન જોતો રહ્યો બંનેને.

'સબ કુછ ખુદા સે માંગ લિયા, તુજકો માંગ કર, ઊઠતે નહીં હૈ હાથ મેરે, ઇસ દુવા કે બાદ.'

સત્યેનને વિચાર આવી ગયો.

'ઈશ્વરે વ્યાજ સાથે ચૂકવી આપી મારી મુદ્દલ.'

વિચારોમાં ખોવાયેલા સત્યેનને મેધા ક્યારે પાછી આવી એ ખબર જ ન પડી.

'શું વિચારે છે?'

સત્યેન ચોંક્યો, 'હેં?'

મેધા, તેં આપણી દીકરીને...'

મેધા હજીયે મુસ્કુરાતી હતી - શાંત - સ્વસ્થ.

'મને માફ કર મેધા.' સત્યેન તૂટી જવાની તૈયારીમાં હતો.

'સાંભળ, માફી મારે માગવાની છે તારી.' મેધાના ચહેરા પર હજી પેલું શાંત - સ્વસ્થ સ્મિત હતું, 'મેં સત્યાને કહ્યું છે કે એના પિતા... હર ડેડ... હવે નથી.'

સત્યેન વિસ્ફારિત આંખે સાંભળતો રહ્યો.

અમેરિકા આવવા માટે મેં ખોટું મૅરેજ સર્ટિફિકેટ બનાવ્યું હતું. તને શોધવા આવી હતી ખરેખર તો! આવીને આ નોકરી મળી ગઈ ને, સમય જતાં, એક મિત્રની સલાહથી... એવું ઍનાઉન્સ કર્યું કે મારા પતિ... આઇ મીન - તું - નથી... મારી નોકરી પર્મનન્ટ થાય એવું હતું એટલે! ભારતમાં એક રોડ-અકસ્માતમાં...' મેધા વિનવતી હતી... 'આઇ ઍમ સૉરી, સત્યેન, પણ મારી નોકરીની સલામતી માટે... મારી દીકરીના ભવિષ્ય માટે નાનકડું છળ... સૉરી! તું જાણે છે કે હું ત્યાં ક્યારેય પાછી નહીં જઈ શકું.'

ને સત્યેન...

જિંદગીમાં બે નાનાંનાનાં છળની વચ્ચે ભીંસાતો, સંકોચાતો - નાનો ને નાનો થતો જતો - ત્યાં જ ઊભો હતો - અવાક!

■